# ભારતમાં ગરીબી માટેના જવાબદાર પરિબળો

**અમિતભાઈ ગુરજીભાઈ વસાવા**
**આસી. પ્રોફેસર,**
**સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશનએ, ઝાડેશ્વર**

**સારાંશ**

ભારત એક ધનિક દેશ છે જ્યાં ગરીબ લોકો વસે છે. ભારતીય અર્થતંત્રમાં ગરીબી એ વસ્તી વધારા પછીની બીજા ક્રમની પ્રમુખ સમસ્યા છે. ગરીબી એ વ્યક્તિની એવી પરિસ્થિતિનો નિર્દેશ કરે છે કે જ્યાં લોકો એક માનવી તરીકેની પોતાની પાયાની જરૂરિયાતો સંતોષી શકતો નથી અને એમનું જીવન સંતોષકારક થતું નથી. ગરીબીના માપદંડ તરીકે ગરીબીરેખાને લેવામાં આવે છે. જે ગરીબી માપનનું બેરોમીટર તરીકે ઓળખાય છે. ગરીબી રેખાનો સૌપ્રથમ ખ્યાલ વિશ્વ આરોગ્યના નિયામક લોર્ડ બાઇલ ઓરેએ ઇ. સ. 1945માં આપ્યો હતો. જીવનની પ્રાથમિક જરૂરિયાતોની વસ્તુઓ ખરીદી શકાય તેટલી ન્યૂનતમ આવક એટલે ગરીબી રેખા તેનાથી ઓછી આવક ધરાવતા લોકો એ ગરીબી રેખા નીચે જીવે છે અને પોતાની મર્યાદિત આવકમાંથી પ્રાથમિક જીવન જરૂરિયાતની પૂરતી વસ્તુઓ પ્રાપ્ત કરી શકતા નથી. આથી તેઓ ગરીબી રેખા નીચે જીવે છે તેમ કહી શકાય છે. ભારત દેશમાં વર્ષ 2017માં 21.9 ટકા લોકો ગરીબી રેખા નીચે જીવે છે જેમાં ગ્રામીણ ક્ષેત્રમાં 25 ટકા અને શહેરી ક્ષેત્રમાં 14 ટકા લોકો ગરીબી રેખા નીચે જીવે છે. ભારત દેશમાં 80 ટકા લોકો ગ્રામીણ વિસ્તારમાં રહે છે. ભારત દેશમાં ગરીબીની પાછળ વસતી વધારો, આર્થિક વિકાસનો નીચો દર આરોગ્યની સગવળોનો અભાવ નિરક્ષરતાનું ઊચું પ્રમાણ, બેરોજગારી, કૃષિ ક્ષેત્રનો નીચો વિકાસ દર, આર્થિક અસમાનતા, સામાજિક રીતરિવાજો અને ટેક્નોલોજીકલ પછાતપણું જેવા કારણો રહેલા છે.

**ચાવીરૂપ શબ્દો :** ગરીબી, આરોગ્ય, ગરીબી રેખા, શિક્ષણ

## ૧. પ્રસ્તાવના

ભારત વિકાસશીલ દેશ છે. ભારતીય અર્થતંત્રની પ્રમુખ સમસ્યાઓ નીચે માથાદીઠ આવક, વણવપરાયેલી સંપતિ, ખેતી, વસ્તીવધારો, બેરોજગારી, ગીબી અને નિરક્ષરતા વગેરે ગણી શકાય. આ સમસ્યાઓમાંથી વસતી વધારો અને ગરીબી એ પ્રમુખ છે. ગરીબાઈ એવી સામાજિક ઘટનાનો નિર્દેશ કરે છે કે જ્યાં સમાજનો અમુક વર્ગે તેની જીવનની મૂળભૂત અને પ્રાથમિક જરૂરિયાતો પણ સંતોષી શકતો નથી. દેશમાં મોટાભાગના લોકો ગરીબી રેખા નીચે જીવે છે. જેમને જીવનની પાયાની જરૂરિયાતો ખોરાક, કપડાં, વસવાટ, તબીબી,

સારવાર, શિક્ષણ વગેરેની સેવાઓનો લાભ મળતો નથી. ગરીબી રેખા હેઠળ જીવતા લોકો જીવન ટકાવી રાખવા માટેની ન્યૂનતમ સેવાઓથી વંચિત રહે છે.

**૧.ગરીબી**

પોષણવિહીન ખોરાક, ગંદકીમાં વસવાટ, બાળમરણનું ઊંચુ પ્રમાણ, ટૂંકું આયુષ્ય, નિરક્ષરતા, રોગિષ્ટ જીવન, મકાન અને કપડાંની અને અન્ય સગવડોનો અભાવ એ ગરીબીની સ્થિતિનો નિર્દેશ કરે છે. ઇ. સ. 1945માં વિશ્વ આરોગ્ય સંસ્થાના નિયામક લોર્ડ બાઇલ ઓરે એ ગરીબાઇની રેખાનો ખ્યાલ આપ્યો હતો. ગરીબાઈનાં રેખામાં વ્યક્તિની પ્રાથમિક જરૂરિયાતોની પસંદગી કરી તેનું કોઈ ન્યૂનતમ પ્રમાણ નક્કી કરવામાં આવે છે. આ જરૂરિયાતનાં બજાર ભાવ પ્રમાણ તેમનું કુલ નાણાંકીય મૂલ્ય નક્કી થાય છે. જો વ્યક્તિની આવક કે ખર્ચ આ મૂલ્યથી ઓછું હોય તો વ્યક્તિ ગરીબી રેખા નીચે જીવે છે એવું કહી શકાય. ભારતમાં વર્ષ 2017માં 21.9 ટકા લોકો ગરીબી રેખા નીચે જીવે છે. ભારત દેશમાં 80 ટકા લોકો ગ્રામીણ વિસ્તારોમાં રહે છે. દેશમાં અનુસૂચિત જાતિ અને જનજાતિનાં લોકો વધારે ગરીબ છે. અનુસૂચિત જાતિનાં 43 ટકા અને અનુસૂચિત જનજાતિનાં 29 ટકા લોકો ગરીબી રેખા નીચે જીવે છે. ભારત દેશમાં ગ્રામીણ વિસ્તારોમાં 25 ટકા, શહેરી વિસ્તારોમાં 14 ટકા, નાના ગામડાઓમાં 27 ટકા, મોટા ગામડાઓમાં 13 ટકા, નાના શહેરોમાં 17 ટકા અને મોટા શહેરોમાં 6 ટકા લોકો ગરીબી રેખા નીચે જીવે છે.

**૨. ધીમો આર્થિક વિકાસ**

ભારત દેશની મોટાભાગની વસ્તીને જીવન જીવવા માટેની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે ખોરાક, કપડાં અને મકાનની સગવડો પૂરતા પ્રમાણમાં મળતી નથી. દેશની વસતીની સરખામણીમાં દેશનાં રાષ્ટ્રીય ઉત્પાદનાં થતો વધારો નહિવત છે. ભારતમાં વર્ષ 2017માં ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ 2.454 અમેરિકન ડોલર અને વિશ્વનાં દેશમાં ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ નંબર 7 છે. દેશમાં ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટનો વૃદ્ધિદર 5.7 ટકા છે. જ્યારે માથાદીઠ આવક 1850 ડોલર છે. ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટમાં ખેતી ક્ષેત્રમાંથી 17 ટકા ઓદ્યૌગિક ક્ષેત્રમાં 29 ટકા અને સેવાક્ષેત્ર 53.66 ટકાનો હિસ્સો છે. જ્યારે યુનાઇટેડ સ્ટેટ 185 મિલિયન અમેરિકન ડોલર અને ચીનમાં 112 મિલિયન અમેરિકન ડોલર અને વૃદ્ધિ 24 ટકા અને 14.5 ટકા છે. જે ભારત દેશમાં આર્થિક વિકાસ અને વૃદ્ધિ દર કરતાં અનેક ગણો છે.

**3.આર્થિક અસમાનતા**

ભારત વિવિધ ધર્મ, જાતિ, સંસ્કૃતિ અને બહુભાષી દેશ છે. ભારતમાં દેશનાં આર્થિક અસમાનતાનું પ્રમાણ ખૂબ જ છે. દેશના પહાડી વિસ્તારો અને ગામડા વિસ્તારનો આર્થિક વિકાસ થયો નથી. આ વિસ્તારનાં લોકો શિક્ષણ, આરોગ્ય અને અન્ય આંતરરાષ્ટ્રીય સેવાઓ મળતી નથી. જ્યારે બીજી તરફ શહેરી વિસ્તારોમાં વિપુલ પ્રમાણ સગવડો ઉપલબ્ધ છે. એક બાજુ નિમ્ન વર્ગ અવિકસિત છે. જ્યારે બીજી તરફ પૈસાદાર વર્ગ સતત પૈસાદર થઈ રહ્યો છે. નવીનતમ સેવાઓનો લાભ પૈસાદાર લોકોને મળે છે. જ્યારે ગરીબ વર્ગનાં

લોકો પાસે નાણાંકીય કે આર્થિક સગવડો ઓછી હોવાને કારણે ગરીબ વર્ગ અને ધનિક વર્ગ બે વર્ગો ઊભા થયા છે. દેશનાં આર્થિક અસમાનતા વધતા ગરીબી સતત વધી રહી છે.

**૪.વસ્તીવૃદ્ધિનો ઊંચો દર**

ભારત દેશ એ વસ્તીની દૃષ્ટિએ વિશ્વમાં બીજા ક્રમે આવતો દેશ છે. ભારતમાં વસતીમાં વધારો એકધારો થઈ રહ્યો છે. એકબાજુ સતત જન્મદરનું પ્રમાણ વધી રહ્યું છે. જ્યારે બીજી બાજુ મૃત્યુદરનું પ્રમાણ ઘટી રહ્યું છે. ભારત દેશમાં લોકો કમાણીનાં સાધનથી વંશ ચલાવવા તેમજ ભવિષ્યમાં સુરક્ષા, સામાજિક રીતિ રિવાજોને વળગી રહીને પુત્રનાં જન્મની ઘેલછામાં એક પછી એક બાળકોને જન્મ આપે છે. વધતી જતી વસતીની સમસ્યામાં નિરક્ષરતા અને અણસજને કારણે ગરીબ વર્ગનાં કુટુંબ અને તેના કદમાં વધારો કરી રહ્યા છે. ભારત દેશમાં વર્ષ 2016માં 1.32 કરોડ વસતી હતી. જે 2017માં વધીને 134 કરોડ થઈ છે. જ્યારે વસતી વૃદ્ધિનો દર 2017માં 17.74 ટકા હતો. દર વર્ષે 1. 13 ટકા વધારો થાય છે. જ્યારે ચીનમાં કુલ વસતી 2017માં 141 કરોડ છે અને વસતી વૃદ્ધિનો દર 18.3 ટકા છે.

**૫. બેરોજગારી**

ભારત દેશમાં એક બાજુ વસ્તીમાં વધારો થઇ રહ્યો છે. જેનાં કારણે યુવાનવર્ગ કે પુખ્તવયનાં લોકોને નાણાંકીય સગવડો મેળવવા માટે પૂરતા પ્રમાણમાં રોજગારલક્ષી ક્ષેત્રોનો અભાવ જોવા મળે છે. સતત વધતી વસતી બેરોજગારીને જન્મ આપી રહી છે. કારણ કે આ બેરોજગારોને નોકરી કે કામ આપવા માટે સરકાર પાસે પૂરતી જગ્યા કે ક્ષેત્રો નથી. ભારતમાં વર્ષ 2017માં શહેરી વિસ્તારોમાં 4.9 ટકા, ગામડાઓમાં 5.1 ટકા અને રાષ્ટ્રીય સ્તરે 5.0 ટકા બેરોજગારીનું પ્રમાણ રહેલું છે. દેશમાં વર્ષ 2017માં 17.8 મિલિયન લોકો બેરોજગાર છે. દેશમાં વિવિધ રાજ્ય ગોવામાં 14.3 ટકા કેરળમાં 3.3 ટકા, ઉત્તરાખંડ 0 ટકા, ગુજરાતમાં 5.3 ટકા, હરિયાણામાં 14. 9 ટકા બેરોજગારીનું પ્રમાણ જોવા મળે છે.

**૬. કૃષિ વિકાસનો નીચો દર**

ભારત દેશ કૃષિપ્રધાન છે. ભારત દેશની 70 ટકા વસતી કૃષિક્ષેત્રનાં આધાર પર પોતાનું જીવન ગુજારે છે. દેશનાં કૃષિક્ષેત્રે ઉપયોગમાં લેવાતા નવીનત્તમ ઉપકરણો, સાધનો, ખેતીને લગતી સગવડો, સિંચાઇ, ખાતર, વખારની, સેવાઓ, વાહનવ્યવહાર જેવી મહત્વની સેવાઓનાં અભાવને કારણે કૃષિક્ષેત્રે ઉત્પાદન એવું જોવા મળે છે. જે કૃષિ ઉત્પાદન પ્રક્રિયાને ધીમી અને લાંબી કરે છે. જેમાં આર્થિક વ્યય થાય છે. વર્ષ-2015-16માં કૃષિ ક્ષેત્રનો વૃદ્ધિ દર 1.52 ટકા હતા. જ્યારે વર્ષ 2017માં 4.1 ટકા થયો છે.

**૭.. નિરક્ષરતાનું વ્યાપક પ્રમાણ**

શિક્ષણએ બધાં જ પ્રશ્નોનો ઉકેલ છે. વ્યક્તિને સ્વાવલંબી બનાવવાનું મહત્ત્વનું કાર્ય શિક્ષણ કરે છે. ભારત દેશમાં શિક્ષિત લોકો કરતાં અશિક્ષિતોનું પ્રમાણે વધારે છે. કેટલાક વ્યવસાયોનાં કે ક્ષેત્રોમાં શિક્ષિત, શિક્ષણ, કેળવણી, તાલીમ મેળવેલ લોકોની આવશ્યક્તા હોય છે. આવા ક્ષેત્રોમાં અશિક્ષિત વર્ગ જઇ શકતો નથી. કારણ કે તેમની પાસે જે તે ક્ષેત્રે વિષયનું જ્ઞાન, કૌશલ્ય, આવડત અને સમજ નથી. આથી તેમણે માત્ર કૃષિ

કે અન્ય ક્ષેત્રમાં જોડાવું પડે છે. આવા ક્ષેત્રોમાં માંગ કરતા ક્રમનાં પુરવઠો વધુ હોય છે અને વેતનનું પ્રમાણ બહુ જ ઓછું હોય છે. આથી આવક ઓછી મળે છે અને ગરીબીનું પ્રમાણ સતત વધે છે.

**૮. આર્થિક વિકાસની નીતિઓ**

દેશમાં આર્થિક વિકાસ માટેની જે યોજના કે નીતિઓ ઘડવામાં આવે છે. તેમાં દેશનાં ઊંડા વિસ્તારોના લોકોનાં હિતને પ્રથમ સ્થાન આપવામાં આવતું નથી. સરકારની યોજનાઓ, કાર્યક્રમો અને નીતિઓનો લાભ માત્ર ધનિક વર્ગને થાય છે. ગરીબને લાભ મળતો નથી. ગરીબ વર્ગ તેમજ અંતરિયાળ વિસ્તારનાં લોકો પાસે યોજનાનો લાભ મળે તે માટેનો પુરવઠો હોતો નથી. સરકાર દ્વારા અમલમાં આવતી આર્થિક સહાયમાં ભ્રષ્ટાચાર થાય છે. સરકાર તરફથી મળતી આર્થિક સહાય નિમ્ન લોકો સુધી પહોંચી શકતી નથી. ઉચ્ચપદાધિકારીઓ, નેતાઓ અને કર્મચારીઓ આર્થિક સહાયનાં પૈસા પચાવી લે છે. આર્થિક યોજનાઓ ઘડવામાં આવી છે. તેમાં અમલીકરણમાં સરકાર દ્વારા પુરતું ધ્યાન આપવામાં આવતું નથી.

**૯. આરોગ્ય ઊણપ**

કૂપોષણ એ ગરીબી માટેનું મહત્ત્વનું પરિબળ છે. કુપોષણ ગરીબીનાં પ્રમાણમાં વધારો કરવામાં કારણભૂત છે. દેશમાં તંદુરસ્ત, સ્વસ્થ અને શારીરિક સ્વાસ્થ્યને લગતી સગવડોનો સ્વભાવ જોવા મળે છે. આરોગ્યક્ષેત્રે નવીનત્તમ ટેક્નોલોજી અને આરોગ્યલક્ષી સુવિધાઓનો અભાવ છે. અને જો સગવડો મળે છે તો તે સગવડ મેળવવા માટે ઊંચી કિંમત ચુકવવી પડે છે. આથી ગરીબ વર્ગને આ સેવાઓનો લાભ મળતો નથી અને માત્ર ધનિક વર્ગને જ મળે છે. દેશમાં મોટાભાગના લોકો આરોગ્યલક્ષી સુવિધાઓનાં અભાવને કારણે મૃત્યુ પામે છે. આરોગ્યની ખામીને લીધે ગરીબીનું પ્રમાણ વધી રહ્યું છે.

**૧૦. વ્યસન અને સામાજિક કુરિવાજો**

ભારતમાં ગરીબી માટે સામાજિક વાતાવરણ, ગ્રામીણ વિસ્તારોમાં અને અશિક્ષિત લોકોની જીવનશૈલી જવાબદાર છે. ગ્રામીણ વિસ્તારના લોકો વ્યસન અને સામાજિક કુરિવાજોથી પીડાતા હોય છે. કુટુંબમાં આર્થિક વિકાસમાં પૈસા ન ખર્ચાતા વ્યસન અને મોજશોખમાં પૈસાનો ઉપયોગ કરતા હોય છે. પોતાની પ્રાથમિક જરૂરિયાતો સંતોષવાને બદલે જે જરૂરિયાતની પ્રવર્તમાન સમયમાં જરૂર નથી. જેનાથી માત્ર નુકસાન થાય એવી જરૂરિયાતો સંતોષીને કે ખર્ચ કરીને પૈસા ગણાવે છે. આથી તેમનું જીવન ધોરણ અને આવક નીચી રહે છે.

**૧૧. અપૂરતી માળખાકીય સગવળો**

ભારત દેશમાં માળખીય સવલતો પુરતા પ્રમાણમાં મળતી જ નથી. લોકોની માંગમાં પ્રમાણ કરતા સગવડોનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. વીજળીની અવારનવાર વર્તાતી અછત, રસ્તા અને વાહનવ્યવહાર પર આવતું ભારે દબાણ કે જેના લીધો વખતો વખત સેવાઓ ખોરવાઈ જાય છે. બંદરો પર ચક્કાજામ, ખામીયુક્ત બિનકાર્યક્ષમ વિલંબકારી સંચાર વ્યવસ્થા, બેંકિંગ, પાણી, વખાર વગેરેની અપૂરતી માળખાકીય સગવડો રહેલી છે.

## ઉપસંહાર

ભારતીય અર્થતંત્રને અવિકસિત રાખનારી મહત્વની સમસ્યા ગરીબી છે. કોઈપણ દેશની વિકાસની પ્રક્રિયા તે દેશની ગરીબીની સ્થિતિને આધારે જાણી શકાય છે. ભારત દેશમાં આર્થિક વિકાસનો નીચો દર, આંતર માળખાકીય સવલતોનો અભાવ અને વસતી વધારો જેવા પ્રવર્તમાન સમયની પ્રમુખ સમસ્યાઓને ભારત દેશમાં જોવા મળે છે. દેશમાં ગરીબીનાં પ્રમાણને ઘટાડવા માટે આ બધી સમસ્યાઓનું એક પછી એક નિવારણ કરવું જરૂરી છે.

## સંદર્ભો

1. વિકાસને સમર્પિત માસિક 'યોજના' વિકાસ, રોજગાર અને ગરીબી, પાલડી, અમદાવાદ. વર્ષ-2013, અંક-7
2. Joshi R. C. (2007) Problems of Indian Economic Development, New Popular Prakashan, Surat.
3. Pandya Ashis N. (2013), Indian Economy Planning and Policy, B. S. Shah Prakashan, Ahmedabad.
4. Dewett K. K. (1987), Elementary Economics Theory. S. Chand & Company Pvt. Ltd.
5. Economic Survey 2017
6. International Monetary Fund-2016
7. World Bank Report 2017.